(23)

## ક્રિશ્ના હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ, ઘુમા ખાતે સરકારી કર્મચારીઓએ લીધેલી તબીબી સારવારનો ખર્ચ મજરે આપવા અંગે

આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ, ઠરાવક્રમાંક : એમએજી-10/2000/સીએમ-18-અ,
સચિવાલય, ગાંધીનગર, તા. 1-1-2001

***વંચાણે લીધા :*** *(1) આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક : એમએજી/1088/2616/ધ, તા. 30-12-'88.*

*(2) આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક : એમએજી/1093/2327-862-(99)અ, તા. 26-3-'99.*

*(3) કમિશનરશ્રી આરોગ્ય સેવાઓ (તબીબી વિભાગ) ગાંધીનગરનો પત્રક્રમાંક : ફ-7-તસા/માન્યતા/ક્રિશ્ના હો./અમદાવાદ/2000, તા. 4-7-2000.*

**ઠ રા વ :**

ઉપર સંદર્ભમાં દર્શાવેલ તા. 30-12-'88ના ઠરાવથી બહાર પાડવામાં આવેલ નિયમો અને તેમાં વખતોવખત કરવામાં આવેલ સુધારાઓની જોગવાઇઓને આધીન સરકારી કર્મચારીઓ, અધિકારીઓ, પેન્શનરો તેમ જ તેઓના આશ્રિત કુટુંબીજનોની તબીબી સારવારનો ખર્ચ મજરે આપવામાં આવે છે. સંદર્ભમાં દર્શાવેલ કમિશનરશ્રી, આરોગ્ય સેવાઓ (તબીબી વિભાગ)ના તા. 4-7-2000ના પત્રથી ક્રિશ્ના હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ, ઘુમા, અમદાવાદને ઉક્ત નિયમો હેઠળ હૃદયરોગની સારવાર માટે માન્યતા આપવાની દરખાસ્ત સરકારશ્રીમાં રજૂ કરવામાં આવેલ હતી.

2. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે ક્રિષ્ના હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ, ઘુમા, અમદાવાદને ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો-1988 હેઠળ હૃદયરોગની સારવાર માટે નીચેની શરતોને આધીન રહીને માન્ય હૉસ્પિટલ ગણવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

(1) ઉક્ત ઇન્સ્ટિટ્યૂટમાં હૃદયરોગની સારવાર લેતાં અગાઉ તબીબી સારવારના નિયમોના નિયમ-8(1)(9)ની જોગવાઇ મુજબ અધિકૃત ચિકિત્સકની ભલામણ અને અધિક નિયામકશ્રી (તબીબી સેવાઓ), કમિશનરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓની કચેરી, ગાંધીનગરની પૂર્વમંજૂરી મેળવવાની રહેશે.

(2) ફકરા-2 (1) મુજબ અધિકૃત ચિકિત્સકની ભલામણ અને અધિક નિયામકશ્રી (તબીબી સેવાઓ)ની પૂર્વમંજૂરી મેળવીને સરકારી કર્મચારી, અધિકારી, પેન્શનર કે તેઓના આશ્રિંત કુટુંબીજનોએ ઉક્ત હૉસ્પિટલમાં હૃદયરોગની સારવાર મેળવેલ હોય તેવા કિસ્સાઓમાં તબીબી સારવારના નિયમો-1988ની અન્ય જોગવાઇઓને આધીન હૉસ્પિટલમાં લેવામાં આવતા ઇકોનોમી ચાર્જીસ મુજબનો ખર્ચ મજરે મળવાપાત્ર થશે. જ્યારે અસાધારણ સંજોગોમાં અધિકૃત ચિકિત્સકની ભલામણ તેમ જ અધિક નિયામકશ્રી (તબીબી સેવાઓ)ની પૂર્વમંજૂરી મેળવવામાં આવેલ ન હોય અર્થાત્ નિયમ-8(1)(ગ)નું પાલન થયેલ ન હોય તેવા કિસ્સામાં સારવારનો ખર્ચ ઉપર સંદર્ભમાં દર્શાવેલ તા. 26-3-'99ના ઠરાવથી નિયત કરેલ દરો અથવા ખરેખર ખર્ચ બેમાંથી જે ઓછું હોય તેટલો ખર્ચ મજરે મળવાપાત્ર થશે.

(3) અધિકૃત ચિકિત્સક તરીકે હેડ ઑફ કાર્ડિયોલોજી ડિપાર્ટમેન્ટ અથવા હેડ ઑફ કાર્ડિયોથોરાસીક સર્જરી ડિપાર્ટમેન્ટ, સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ ગણવાના રહેશે.

(4) ભવિષ્યમાં સંસ્થામાં લેવાતા ચાર્જિસમાં વધારો કરવામાં આવે ત્યારે તેવા ચાર્જિસનો અમલ કરતાં પહેલાં સરકારશ્રીની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(5) આ હુકમોનો અમલ આ ઠરાવની રવાનગી તારીખથી કરવામાં આવશે.

3. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. 22-11-2000ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, વીણાબહેન ગાંધી

સરકારના નાયબ સચિવ, આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ